# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*************************************************************

1) સર્વોચ્ચ અદાલત આજથી નવી દિલ્હીમાં બ્રિક્સ મુખ્ય ન્યાયમૂર્તિ ફોરમનું આયોજન કરશે.

2) સરકારે વિદેશી યોગદાન સુધારા બિલની તપાસ માટે 31 સભ્યોની સંસદીય સમિતિની રચના કરી.

3) ISRO દ્વારા આજે શ્રીહરિકોટાથી પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ સફળતાપૂર્વક પ્રક્ષેપણ.

4) નેપાળ પૂરમાં મૃત્યુઆંક 1 હજાર 259 થયો – 5 હજારથી વધુ હજુ પણ ગુમ. ગૃહ મંત્રાલય ગુમ થયેલા ભારતીયોનું ડીએનએ પ્રોફાઇલિંગ કરશે

5) જન્માષ્ટમીની આજે દેશભરમાં ભક્તિ અને ઉત્સાહપૂર્વક ઉજવણી.

6) મહિલા એશિયા કપમાં, ભારતે હોંગકોંગને હરાવી સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# BRICS- CHIEF JUSTICE FORUM

સર્વોચ્ચ અદાલત આજથી નવી દિલ્હીમાં બ્રિક્સ મુખ્ય ન્યાયમૂર્તિ ફોરમનું આયોજન કરશે. આ ફોરમ મુખ્ય ન્યાયમૂર્તિઓ, સર્વોચ્ચ અદાલતના ન્યાયિક વડાઓ અને બ્રિક્સ સભ્ય દેશો અને ભાગીદાર દેશોના વરિષ્ઠ ન્યાયિક નેતાઓને એકસાથે લાવશે. આ ફોરમ ન્યાયતંત્રો વચ્ચે સંવાદને સરળ બનાવશે અને ન્યાય વિતરણ, આંતરરાષ્ટ્રીય વિવાદ નિરાકરણ, ટેકનોલોજી અને ટકાઉ વિકાસ સંબંધિત સમકાલીન મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત ઉદ્ઘાટન દિવસે ન્યાયિક પ્રતિનિધિમંડળના વડાઓ સાથે અનેક દ્વિપક્ષીય બેઠકો કરશે. તેઓ રશિયા, ચીન, ઇજિપ્ત, ઇન્ડોનેશિયા, સંયુક્ત આરબ અમીરાત, બેલારુસ, કઝાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, ઈરાન અને ઉઝબેકિસ્તાનના ન્યાયિક નેતાઓને મળશે.

# GOVT-FCRA

સરકારે વિદેશી યોગદાન (નિયમન) સુધારા વિધેયક 2026ની તપાસ માટે 31 સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિની રચના કરી છે. લોકસભા સાંસદ સંજય જયસ્વાલ સમિતિના અધ્યક્ષ રહેશે. સમિતિ બિલની જોગવાઈઓ અને પ્રસ્તાવિત સુધારાઓ પર વિચાર કરશે.

સાંભળીએ આ અંગે એક અહેવાલ.......

## VC: KRISHNAKANT FCRA

# ISRO

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) એ આજે વહેલી સવારે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી GSLV-F17 રોકેટ પર તેના પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ EOS-05 ને સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે.

27 કલાકના કાઉન્ટડાઉન પછી, GSLV-F17 રોકેટ, ઉપગ્રહ EOS-05 સાથે, સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેના બીજા લોન્ચ પેડ પરથી સવારે 2.55 વાગ્યે ઉડાન ભરી. EOS-05 એક અત્યાધુનિક પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ છે અને જીઓસિંક્રોનસ ઓર્બિટમાંથી ભારતનો પ્રથમ ઇમેજિંગ ઉપગ્રહ છે. જે દૃશ્યમાન, ઇન્ફ્રારેડ, મલ્ટી-સ્પેક્ટ્રલ અને હાઇપરસ્પેક્ટ્રલ બેન્ડમાં અદ્યતન ઇમેજિંગને સક્ષમ બનાવે છે. આ ઉપગ્રહ કૃષિ અને આપત્તિ વ્યવસ્થાપન સહિતના ક્ષેત્રોમાં રાષ્ટ્રને મદદ કરશે.

ISRO એ જણાવ્યું હતું કે, અત્યાધુનિક ઉપગ્રહને અવકાશ મથક પરથી ઉડાન ભર્યાના લગભગ 18 મિનિટ પછી સબ-જીઓસિંક્રોનસ ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક મૂકવામાં આવ્યો હતો.

ISROના અધ્યક્ષ વી. નારાયણને જણાવ્યું હતું કે, આ મિશન ભારતની પૃથ્વી નિરીક્ષણ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે અને પૃથ્વી નિરીક્ષણ સેવાઓમાં સુધારો કરશે.

# JAYSHANKER-UKRAIN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે કિવમાં યુક્રેનના વિદેશ મંત્રી આન્દ્રે ત્સિબિહા સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરી.

બેઠક બાદ સંયુક્ત પત્રકાર પરિષદમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે, યુક્રેન સંઘર્ષનો ઉકેલ ફક્ત વાતચીત અને રાજદ્વારી દ્વારા જ શક્ય છે. ડૉ. જયશંકરે વર્તમાન વૈશ્વિક વાતાવરણમાં 140 કરોડ ભારતીયો માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવાના પડકાર પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભારત રશિયા પાસેથી ઊર્જા ખરીદવા અંગે યુક્રેનના વલણનું સન્માન કરે છે અને આશા રાખે છે કે અન્ય દેશો પણ ભારતની સ્થિતિનું સન્માન કરશે.

# GOYAL-INDUSTRY

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ઓટોમોટિવ ઉદ્યોગને સ્થાનિકીકરણને પ્રોત્સાહન આપવા, નિકાસ વધારવા અને વૈશ્વિક બજારોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તૈયાર રહેવા હાકલ કરી છે.

શ્રી ગોયલ ગઈકાલે નવી દિલ્હીમાં સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સના 66મા વાર્ષિક સંમેલનને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે ઉદ્યોગને ભારતની વધતી જતી વેપાર ભાગીદારી, વિસ્તરતા સ્થાનિક બજાર અને ઉત્પાદનમાં વૈશ્વિક ફેરફારોથી ઉદ્ભવતી તકોનો લાભ લેવા અપીલ કરી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આગામી વર્ષોમાં ઓટોમોટિવ ક્ષેત્ર ભારતની વિકાસગાંઠન સૌથી મહત્વપૂર્ણ પરિબળો પૈકીનું એક હશે.

# QWAD-SHERPA

વિદેશ મંત્રાલયના સચિવ વિક્રમ મિશ્રીએ ગઈકાલે નવી દિલ્હીમાં ક્વાડ શેરપાઓની બેઠકનું આયોજન કર્યું હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે, ચર્ચામાં ક્વાડ સહયોગના મુખ્ય ક્ષેત્રો, જેમાં દરિયાઈ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા, આર્થિક સમૃદ્ધિ, ઉભરતી ટેકનોલોજી અને માનવતાવાદી સહાયનો સમાવેશ થાય છે. શેરપાઓએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર, વ્યાપક પ્રાદેશિક અને વૈશ્વિક સંદર્ભમાં વિકાસ પર પણ પ્રતિબિંબ પાડ્યો હતો.

ઓસ્ટ્રેલિયાના વિદેશ અને વેપાર વિભાગના વ્યૂહાત્મક આયોજન અને સંકલન જૂથના ઉપસચિવ એલી લોસન, તેમજ જાપાનના વિદેશી બાબતોના ઉપમંત્રી હિરોયુકી નમાઝુ અને ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે બેઠકમાં ભાગ લીધો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NEPAL FLOOD

નેપાળ પૂરમાં મૃત્યુઆંક વધીને 1,259 થયો છે, હજુ પણ 5,000 થી વધુ લોકો ગુમ છે.

નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર, સૌથી વધુ 355 મૃતદેહો ચિતવનમાંથી મળી આવ્યા છે, ત્યારબાદ નવલપરાસી પૂર્વમાં 218 અને નવલપરાસી પશ્ચિમમાં 212 મૃતદેહો મળી આવ્યા છે.

નેપાળ સેનાની આગેવાની હેઠળ સંયુક્ત બચાવ ટીમો દ્વારા શોધ અભિયાન ચાલી રહ્યું છે, ભારતીય ટનલ બચાવ ટીમે ચિલીમે પાવર હાઉસ ખાતે સ્યાબ્રુબેસીમાં એક બેઝ સ્થાપિત કર્યો છે. પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહે જણાવ્યું હતું કે આ આપત્તિના આબોહવા પરિવર્તન સાથેના જોડાણને આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ મજબૂતીથી ઉઠાવવું જોઈએ.

# MEA- DNA PROFILING

ગૃહ મંત્રાલય પૂર પછી નેપાળમાં ગુમ થયેલા ભારતીયોનું ડીએનએ પ્રોફાઇલિંગ કરશે. આ હેતુ માટે સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ, સ્ટેટ ફોરેન્સિક સાયન્સ અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીઓની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, ભારતમાં રહેતા સંબંધીઓ ચોક્કસ સુવિધાઓ પર જૈવિક નમૂનાઓ એકત્રિત કરીને તેમના ડીએનએ પ્રોફાઇલ તૈયાર કરી શકે છે.

નેપાળ પોલીસની સલાહ મુજબ, નેપાળી અધિકારીઓ દ્વારા જણાવવામાં આવેલી તકનીકી આવશ્યકતાઓને આધીન, ઓળખ હેતુ માટે ઓટોસોમલ એસટીઆર ડીએનએ પ્રોફાઇલિંગ હાથ ધરી શકાય છે. આ હેતુ માટે હેલ્પલાઇન નંબર છે: +977 9841 6160 95.

નેપાળી અધિકારીઓ દ્વારા જરૂરી પ્રારંભિક માહિતી સાથે ડીએનએ પ્રોફાઇલ્સ, અજાણ્યા મૃતદેહોમાંથી મેળવેલા ડીએનએ પ્રોફાઇલ્સ સાથે સરખામણી કરવા માટે dnacodis@nepalpolice.gov.np પર ઇમેઇલ દ્વારા મોકલી શકાય છે.

# MEA-NEPAL

ભારતે બે વધુ વિમાનો દ્વારા નેપાળને રાહત સામગ્રીનો નવો જથ્થો મોકલ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, નેપાળ માટે 21.5 ટન રાહત સામગ્રી લઈને બે વિમાન કાઠમંડુ પહોંચ્યા છે. આ જથ્થો નેપાળના વિજ્ઞાન, ટેકનોલોજી મંત્રી મહાબીર પુનને સોંપવામાં આવ્યો હતો. આ સહાય પૂરગ્રસ્ત વિસ્તારોમાં ચાલી રહેલા રાહત અને બચાવ કામગીરીને ટેકો આપશે.

# JANMASHTMI

ભગવાન કૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની આજે દેશભરમાં ભક્તિ અને ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ રહી છે. મંદિરો અને ઘરોને શણગારવામાં આવ્યા છે. દરમિયાન, ઉત્તર પ્રદેશમાં, મથુરા-વૃંદાવનમાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણીની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે મથુરામાં જન્માષ્ટમી ઉજવણીમાં હાજરી આપશે. ભક્તોની મોટી ભીડને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જન્માષ્ટમી પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી. તેમણે કહ્યું કે ભગવાન કૃષ્ણનું જીવન અને ઉપદેશો ભારતના સાંસ્કૃતિક અને દાર્શનિક વારસાને નવી દિશા આપે છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ દેશવાસીઓને જન્માષ્ટમીની શુભેચ્છાઓ પાઠવી. તેમણે કહ્યું કે ભગવદ ગીતા જીવનમાં ફરજ, નૈતિકતા, ન્યાય, હિંમત અને સંતુલનનો માર્ગ બતાવે છે.

સમગ્ર ગુજરાતમાં જન્માષ્ટમીનો તહેવારની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. વિશ્વ વિખ્યાત દ્વારકાના જગત મંદિર, ડાકોર અને શામળાજી મંદિરો સહિત મુખ્ય કૃષ્ણ મંદિરોમાં ભવ્ય ઉજવણી અને વિશેષ ધાર્મિક વિધિઓ ચાલી રહી છે.

સાંભળીએ આ અંગે એક અહેવાલ.......

VC: APARNA KHUNT

# ASIA-CUP

મહિલા એશિયા કપમાં ભારતે હોંગકોંગ સામે 137 રનથી શાનદાર જીત મેળવી. આ સાથે, ભારતીય મહિલા ક્રિકેટ ટીમે સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું.

દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ટોસ હારીને બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ ઓપનર સ્મૃતિ મંધાનાની સદીની મદદથી ભારતે 5 વિકેટ ગુમાવીને 193 રન બનાવ્યા. જવાબમાં, હોંગકોંગ 16 ઓવર અને 2 બોલમાં માત્ર 56 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

ભારત આવતીકાલે પાકિસ્તાન સામે પોતાની અંતિમ ગ્રુપ મેચ રમશે, જ્યારે પાકિસ્તાન પોતાની પહેલી મેચ જીતીને બીજા સ્થાને છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે...
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે ચીન સીમા સુધી સૈન્યના નવા રસ્તાથી હથિયારો અને ખાદ્ય સામગ્રી પહોંચશે..
- સંદેશ અખબાર લખે છે અલનીનો ઈમ્પેક્ટ - ભારતમાં દુષ્કાળનુ જોખમ... કુલછાબનુ શિર્ષક છે ઈરાન-ભારતની મુલાકાતથી ભડક્યુ અમેરિકા...
- નવગુજરાત પ્રથમ પાને લખે છે અમેરિકાનો ઈરાન પર ભીષણ હુમલો- 6 જવાનોના મોત...
- સ્થાનિક સમાચારોમા નજર કરીએ તો...આજે દ્વારકાધીશ મંદિરમા ઉજવાશે શ્રી કૃષ્ણનો 5 હજાર 253મો જન્મોત્સવ.... ભાજપના ભાવિને ઉજ્જવળ બનાવવા યુવાઓને સાથે લો- પ્રભારી તરુણ ચુગ... ગુજરાતમા બનશે વિશ્વનો સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ.. અમદાવાદમા ચાર દિવસ માટે 2 લાખ જેટલા રિક્ષા ટેક્સીની પૈડાં થંભી જશે..